વાપરવાની રીત

# તમારું પોર્ટેબલ અલ્ટ્રાસોનિક નેબ્યુલાઇઝર, પગલે-પગલે.

ખિસ્સામાં સમાઇ જાય એવું, ચાર્જ થતું નેબ્યુલાઇઝર. તે પ્રવાહી દવાને ઝીણા ધુમ્મસમાં ફેરવે છે. તમે આ ધુમ્મસ માસ્ક કે માઉથપીસ દ્વારા શ્વાસમાં લો છો. તે બાળકો માટેના મોડલ અને મોટા લોકો માટેના મોડલમાં આવે છે. બંને થોડી અલગ રીતે ચાલે છે, તેથી નીચે તમારું મોડલ પસંદ કરો.

કોઈ પ્રશ્ન છે? સોમવારથી શુક્રવાર, સવારે 9 થી સાંજે 5 વાગ્યા સુધી (ન્યૂયૉર્કનો સમય), **(718) 351-3045** પર ફોન કરો.



**અત્યારે શ્વાસ લેવામાં તકલીફ છે? 911 પર ફોન કરો.** જો શ્વાસ લેવો ખૂબ મુશ્કેલ હોય, જો તમે કે તમારું બાળક પૂરાં વાક્યો બોલી ન શકે, અથવા જો હોઠ કે નખ વાદળી કે રાખોડી દેખાય, તો 911 પર ફોન કરો. સારવાર પૂરી થાય તેની રાહ ન જુઓ.

પહેલાં જુઓ

## તેને જોડાતું અને ચાલતું જુઓ.

વીડિયોમાં પોર્ટેબલ નેબ્યુલાઇઝર શરૂઆતથી અંત સુધી બતાવ્યું છે. દરેક પગલું નીચે લખેલું પણ છે. તમે તેની નકલ તમારા ફોનમાં રાખી શકો છો, અથવા છાપી શકો છો.

### વીડિયો અંગ્રેજીમાં છે.

વીડિયો: https://www.youtube.com/watch?v=QypMcxyrtig

બૉક્સમાં શું છે

## તપાસો કે તમારી પાસે બધું છે.

- ☑ **નેબ્યુલાઇઝર, તેના દવાના કપ અને ધુમ્મસ નીકળવાના મુખને ઢાંકતી કૅપ સાથે**
- ☑ **મોટા લોકોનું માસ્ક (મોટું)**
- ☑ **બાળકોનું માસ્ક (નાનું)**
- ☑ **માઉથપીસ**
- ☑ **ચાર્જ કરવાનો USB કેબલ (USB-A થી USB-C)**
- ☑ **સૂચનાઓની પુસ્તિકા (મેન્યુઅલ)**




બાળકો માટેના મોડલનું બૉક્સ.




મોટા લોકો માટેના મોડલનું બૉક્સ.




બાળકો માટેના બૉક્સની બાજુ: મોટા લોકોનું માસ્ક, બાળકોનું માસ્ક અને માઉથપીસ.



પગલે-પગલે

# બાળકો માટેનું મોડલ

વાદળી, લીલું, નારંગી કે સફેદ, કાર્ટૂન ચહેરા સાથે. નારંગી ચાંચ ચાલુ/બંધ બટન છે.

## ભાગોને ઓળખો

1. દવાનો કપ, ઉપર ઊંચું કરીને ખૂલતા ઢાંકણ સાથે; તેમાં 10 મિલી સુધી સમાય છે
2. આગળ ધુમ્મસ નીકળવાનું મુખ, જ્યાં માસ્ક કે માઉથપીસ લાગે છે; વાપરતા ન હો ત્યારે કેપ તેને ઢાંકી રાખે છે
3. ચાલુ/બંધ બટન: આગળની નારંગી ચાંચ
4. આગળની લાઇટ: ચાર્જ થવાનું, સફાઈના ચક્રનું, અને મશીન ચાલુ હોવાનું બતાવે છે
5. પાછળ રિલીઝ બટન (છોડાવવાનું બટન), કપ કાઢવા માટે
6. પાછળ ચાર્જ કરવાનો USB-C પોર્ટ

## ચાર્જ કરવું

### 01 કેબલ લગાવો

કેબલનો USB-C વાળો છેડો પાછળના ચાર્જિંગ પોર્ટમાં લગાવો. USB-A વાળો છેડો દીવાલના USB ઍડેપ્ટર કે કમ્પ્યૂટરમાં લગાવો.

### 02 લાઇટ જુઓ

ચાર્જ થતી વખતે લાઇટ પીળી રહે છે. બૅટરી પૂરી ભરાય ત્યારે તે લીલી થઈ જાય છે.

### 03 તમારી બૅટરી વિશે જાણો

15 મિનિટના ચાર્જથી બે કલાક સુધી વાપરી શકાય છે. જો નેબ્યુલાઇઝર થોડા સમય માટે મૂકી રાખ્યું હોય, તો બૅટરી સારી રાખવા માટે તેને ઓછામાં ઓછું દર બે મહિને ચાર્જ કરો.

## દરેક સારવાર

### 01 તૈયારી કરો

તમારા હાથ ધુઓ. ખાતરી કરો કે કપ, માસ્ક અને માઉથપીસ સાફ અને સૂકાં છે. ટટ્ટાર બેસો.

### 02 કપ ભરો

ઢાંકણ ખોલો અને તમારા ડૉક્ટરે લખી આપેલી દવા નાખો. 10 મિલીથી વધુ ન ભરો. ઢાંકણ ક્લિક થઈને બંધ થાય ત્યાં સુધી દબાવો.

### 03 માસ્ક કે માઉથપીસ લગાવો

આગળથી કેપ કાઢો. માસ્ક કે માઉથપીસને ગોળ મુખ પર દબાવીને લગાવો. શિશુઓ અને બાળકો માટે એવું માસ્ક વાપરો, જે નાક અને મોં બંનેને ઢાંકે.

### 04 ચાલુ કરો અને સ્પીડ પસંદ કરો

ચાલુ/બંધ બટન દબાવો. તેજ, મધ્યમ અને હળવી સ્પીડ વચ્ચે બદલવા માટે તેને ફરી દબાવો. સતત ધુમ્મસ અને વાદળી લાઇટનો અર્થ છે કે તે કામ કરે છે.

### 05 સામાન્ય રીતે શ્વાસ લો

નેબ્યુલાઇઝરને સીધું ઊભું પકડો. માઉથપીસની આસપાસ હોઠ બંધ કરો, અથવા માસ્કને નાક અને મોં પર બરાબર બેસાડો. ધીમે-ધીમે અને સામાન્ય રીતે શ્વાસ લો.

### 06 પૂરતો સમય આપો

5 મિલીની માત્રાને તેજ સ્પીડ પર લગભગ 15 મિનિટ, મધ્યમ પર 20 મિનિટ, અથવા હળવી પર 30 મિનિટ લાગે છે. 20 મિનિટ પછી તે આપમેળે બંધ થઈ જાય છે. જો દવા બાકી હોય, તો ચાલુ રાખવા માટે બટન દબાવો.

### 07 પૂરું કરો
અવાજ બદલાય, અથવા કપ ખાલી થવાથી તે બંધ થઈ જાય, ત્યારે અટકી જાઓ. કપમાં થોડાં ટીપાં બાકી રહે તે સામાન્ય છે.

### બાળકને સારવાર આપવી
આખો સમય માસ્કને ચહેરા પર બરાબર ચપોચપ રાખો. જો માસ્ક ચહેરાથી સહેજ પણ દૂર રહે, તો ઘણી દવા ફેફસાં સુધી પહોંચે તે પહેલાં જ બહાર નીકળી જાય છે. રડતું બાળક પણ ઓછી દવા શ્વાસમાં લે છે. તેથી શાંત સમય, બાળકનો મનપસંદ શો, કે કોઈ પુસ્તક ખરેખર ઘણી મદદ કરે છે.

### ઉપયોગી સલાહ
- આખો સમય તેને સીધું ઊભું રાખો, જેથી દવા ધુમ્મસ બનાવતી પ્લેટ પર રહે.
- ફક્ત તમારા ડૉક્ટરે લખી આપેલી પ્રવાહી દવા કે સલાઇન જ વાપરો. ક્યારેય સાદું પાણી, તેલ, દૂધ કે ઘટ્ટ પ્રવાહી ન નાખો.
- બાળકો તેને ફક્ત કોઈ મોટી વ્યક્તિની દેખરેખ હેઠળ જ વાપરે. બાળકને ક્યારેય તેની સાથે એકલું ન છોડો.

## સફાઈ, દરેક સારવાર પછી

### 01 કપ ખાલી કરો
કપમાં બાકી રહેલી દવા ઢોળી દો.

### 02 જરૂર પડે ત્યારે કપ કાઢો
પાછળનું રિલીઝ બટન દબાવો અને કપને આગળ ધકેલીને સરકાવીને કાઢો. પાછો લગાવવા માટે, ક્લિક થાય ત્યાં સુધી તેને ધકેલો.

### 03 માસ્ક અને માઉથપીસ સાફ કરો
તેમને કાઢો. પછી જંતુમુક્ત કરવા માટે તેમને મેડિકલ આલ્કોહોલ વાઇપથી લૂછો, અથવા પલાળી રાખો. હૂંફાળા પાણી નીચે ખંગાળો અને હવામાં સુકાવા દો.

### 04 આપમેળે સફાઈનું ચક્ર ચલાવો
કપમાં લગભગ 6 મિલી ચોખ્ખું પાણી નાખો અને ઢાંકણ બંધ કરો. ચાલુ/બંધ બટનને લગભગ 5 સેકન્ડ દબાવી રાખો. સફાઈ દરમિયાન લાઇટ લીલી અને લાલ ઝબકે છે. આ ધુમ્મસ શ્વાસમાં ન લો.

### 05 લૂછો અને મૂકી રાખો
બહારના ભાગને નરમ, સૂકા, ચોખ્ખા ટુવાલથી લૂછો. નેબ્યુલાઇઝરને ક્યારેય પાણીથી ન ધુઓ કે પાણીમાં ન મૂકો. કપ પાછો લગાવો અને તેને ઠંડી અને સૂકી જગ્યાએ રાખો.

### કૃપા કરીને આવું ન કરો
- મુખની અંદરની નાની ધાતુની ધુમ્મસ બનાવતી પ્લેટને ક્યારેય આંગળીઓ, બ્રશ કે કોઈ કડક વસ્તુથી ન અડો.
- ખાલી કપ સાથે તેને ક્યારેય ન ચલાવો.
- તેને ક્યારેય ગરમ સપાટી પર ન મૂકો.

## જો કંઈ કામ ન કરતું હોય

### ધુમ્મસ ઓછું છે કે બિલકુલ નથી
- દવા નાખો; કદાચ કપમાં પૂરતી દવા નથી.
- નેબ્યુલાઇઝરને સીધું ઊભું પકડો.
- ખૂબ ઘટ્ટ દવાઓનું ધુમ્મસ કદાચ ન બને. તમારા ફાર્માસિસ્ટને પૂછો.

## ટેક્નિકલ વિગતો

| | |
|---|---|
| વજન | લગભગ 100 ગ્રામ (3.5 ઔંસ) |
| માપ | 118 મિમી ઊંચું, 39.5 મિમી પહોળું (લગભગ 4.6 × 1.6 ઇંચ) |
| દવાનો કપ | 10 મિલી સુધી |

- ઠંડા ઓરડામાં, 3 થી 6 મિલી ગરમ પાણી નાખીને, પાણી પૂરું થાય ત્યાં સુધી મશીન ચલાવો (તે શ્વાસમાં ન લો). પછી ફરી પ્રયત્ન કરો.

## ધુમ્મસ નબળું છે

- બૅટરી ચાર્જ કરો.
- હવાના પરપોટા કાઢવા માટે કપ પર હળવેથી ટકોરો મારો અથવા ધીમેથી હલાવો. પછી ફરી ચાલુ કરો.
- ધુમ્મસ બનાવતી પ્લેટ સાફ કરો: 3 થી 6 મિલી પાણીમાં સરકાનાં 2 કે 3 ટીપાં નાખીને, પાણી પૂરું થાય ત્યાં સુધી મશીન ચલાવો (તે શ્વાસમાં ન લો). પછી કપ સાફ કરો.
- જો આમાંથી કંઈ કામ ન કરે, તો કદાચ ધુમ્મસ બનાવતી પ્લેટ ઘસાઈ ગઈ હોય. અમને ફોન કરો.

## કપમાં દવા છે, પણ ધુમ્મસ નીકળતું નથી

- દવા નાખતી વખતે હવાના પરપોટા પ્લેટને રોકી શકે છે. કપ પર હળવેથી ટકોરો મારો અથવા ધીમેથી હલાવો, પછી ફરી ચાલુ કરો.

## અંતે થોડી દવા બાકી રહે છે

- આ સામાન્ય છે. અવાજ બદલાય, અથવા તે આપમેળે બંધ થઈ જાય, ત્યારે અટકી જાઓ.

| | |
|---|---|
| **ધુમ્મસ બનવાનો દર** | લગભગ 0.2 મિલી પ્રતિ મિનિટ |
| **કણોનું કદ** | 5 માઇક્રોન કે તેથી નાના |
| **અવાજ** | 50 dB કે તેથી ઓછો |
| **બૅટરી** | અંદર લાગેલી લિથિયમ બૅટરી; 15 મિનિટના ચાર્જથી 2 કલાક સુધી વપરાશ |
| **ચાર્જિંગ** | USB-A થી USB-C કેબલ, 5 V / 1 A |
| **આપમેળે બંધ** | 20 મિનિટ |
| **વાપરવાનું તાપમાન** | 5 °C થી 40 °C (41 °F થી 104 °F) |



પગલે-પગલે

# મોટા લોકો માટેનું મોડલ

નારંગી રંગનું. તેના પર ગોળ સફેદ પાવર બટન છે, અને બટનની ઉપર એક નાની લાઇટ છે.

## ભાગોને ઓળખો

1. દવાનો કપ, ખૂલતા ઢાંકણ સાથે; તેમાં લગભગ 10 મિલી સમાય છે
2. આગળ ધુમ્મસ નીકળવાનું મુખ, જ્યાં માસ્ક કે માઉથપીસ લાગે છે; વાપરતા ન હો ત્યારે કૅપ તેને ઢાંકી રાખે છે
3. ગોળ પાવર બટન
4. બટનની ઉપર લાઇટ: સ્પીડ, ચાર્જ થવાનું, અને ઓછી બૅટરી બતાવે છે
5. પાછળ PUSH લખેલું રિલીઝ બટન, કપ કાઢવા માટે
6. પાછળ ચાર્જ કરવાનો USB-C પોર્ટ, રબરના નાના ડટ્ટાની પાછળ

## ચાર્જ કરવું

### 01 કેબલ લગાવો

પાછળનો રબરનો ડટ્ટો ખોલો અને કેબલનો USB-C વાળો છેડો લગાવો. USB-A વાળો છેડો દીવાલના USB ઍડૅપ્ટર કે કમ્પ્યૂટરમાં લગાવો.

### 02 લાઇટ જુઓ

ચાર્જ થતી વખતે લાઇટ પીળી હોય છે. પૂરું ચાર્જ થાય ત્યારે તે સતત લીલી થઈ જાય છે.

### 03 પૂરું ચાર્જ થાય ત્યારે કેબલ કાઢી લો

કેબલ કાઢી લો અને રબરનો ડટ્ટો બંધ કરો. ચાર્જ થતી વખતે નેબ્યુલાઇઝર ચાલશે નહીં.

### 04 તમારી બૅટરી વિશે જાણો

15 મિનિટના ચાર્જથી બે કલાક સુધી વાપરી શકાય છે. ઝબકતી પીળી લાઇટનો અર્થ છે કે બૅટરી ઓછી છે. જો તેને થોડા સમય માટે મૂકી રાખ્યું હોય, તો ઓછામાં ઓછું દર ત્રણ મહિને ચાર્જ કરો.

## દરેક સારવાર

### 01 તૈયારી કરો

તમારા હાથ ધુઓ. ખાતરી કરો કે કપ, માસ્ક અને માઉથપીસ સાફ અને સૂકાં છે.

### 02 કપ કાઢો

પાછળનું PUSH બટન દબાવી રાખો, અને કપને આગળ સરકાવીને મશીનથી અલગ કરો.

### 03 દવા નાખો

કપનું ઢાંકણ ખોલો અને તમારા ડૉક્ટરે લખી આપેલી દવા નાખો: ઓછામાં ઓછી 1 મિલી, અને કપ પરની લીટીથી ઉપર નહીં. ઢાંકણ કસીને બંધ કરો.

### 04 કપ પાછો લગાવો

ક્લિક થાય ત્યાં સુધી કપને સરકાવીને પાછો લગાવો. કપ અને મશીન વચ્ચેના નાના ધાતુના કૉન્ટેક્ટ સાફ અને સૂકા હોવા જોઈએ, નહીં તો કદાચ તે ચાલુ ન થાય.

### 05 માસ્ક કે માઉથપીસ લગાવો

આગળથી કૅપ કાઢો, અને માસ્ક કે માઉથપીસને ગોળ મુખ પર દબાવીને લગાવો.

### 06 ચાલુ કરો અને સ્પીડ પસંદ કરો

પાવર બટન દબાવી રાખો; લગભગ 2 સેકન્ડમાં ધુમ્મસ શરૂ થઈ જાય છે. દર વખતે બટન એક વાર દબાવીને તરત છોડવાથી સ્પીડ બદલાય છે: લીલી લાઇટ એટલે ધીમી, વાદળી એટલે મધ્યમ, પીળી એટલે તેજ.

**07** 
### સામાન્ય રીતે શ્વાસ લો
તેને સ્થિર પકડો, આરામથી રહો, અને સામાન્ય રીતે શ્વાસ લો. માસ્કનાં હવાનાં કાણાં ન ઢાંકો.

**08** 
### પૂરું કરો
અંત નજીક આવે ત્યારે, આગળનો ભાગ સહેજ તમારી તરફ નમાવો, જેથી છેલ્લાં ટીપાં ધુમ્મસ બનાવતી પ્લેટ સુધી પહોંચે. કપ ખાલી થાય ત્યારે અથવા 20 મિનિટ પછી તે બંધ થઇ જાય છે. જાતે બંધ કરવા માટે, પાવર બટનને 1 સેકન્ડ દબાવી રાખો.

### ઉપયોગી સલાહ
- તેને ચાલવા માટે દવા કે સલાઇન જોઈએ. કપમાં સાદું પાણી, નળનું પાણી કે ડિસ્ટિલ્ડ પાણી હોય, તો તે આપમેળે બંધ થઇ જાય છે.
- જો ફીણ થાય અને ધુમ્મસ અટકી જાય, તો તેને બંધ કરો, ધીમેથી હલાવો, અને ફરી ચાલુ કરો.
- સારવાર દરમિયાન ગણગણાટ જેવો અવાજ આવી શકે છે; ધીમેથી હલાવવાથી સામાન્ય રીતે તે શાંત થઇ જાય છે. કપ ભરેલો હોય ત્યારે તેને જોરથી ન હલાવો.
- જો દવા પૂરી થઇ ગઇ હોય પણ તે ચાલતું રહે, તો તેને તરત બંધ કરો.

## સફાઇ, દરેક સારવાર પછી

**01** 
### ઝડપથી ખંગાળો
કપ ખાલી કરો. લગભગ 2 મિલી ડિસ્ટિલ્ડ પાણી નાખો અને ઢાંકણ બંધ કરો. 10 સેકન્ડ હલાવો અને પાણી ઢોળી દો.

**02** 
### આપમેળે સફાઈનું ચક્ર ચલાવો
કપમાં ચોખ્ખું પાણી ભરો. મશીન બંધ હોય ત્યારે, પાવર બટનને લગભગ 5 સેકન્ડ દબાવી રાખો. સફાઇ દરમિયાન લાઇટ વારાફરતી લીલી, વાદળી અને પીળી થાય છે. લગભગ 5 મિનિટ પછી તે જાતે અટકી જાય છે. વહેલું રોકવા માટે, બટનને 1 સેકન્ડ દબાવી રાખો.

**03** 
### કપ અને માસ્ક ધુઓ
તેમને કાઢો અને વહેતા હૂંફાળા પાણી નીચે એક મિનિટ ખંગાળો. પછી હૂંફાળા પાણીમાં થોડો વાસણ ધોવાનો સાબુ (લગભગ 1 મિલી પ્રતિ લિટર) નાખીને ધુઓ. દરેક સપાટી પર અને માસ્કનાં હવાનાં કાણાં પર નરમ બ્રશ ફેરવો. પછી બીજી એક મિનિટ ખંગાળો.

**04** 
### મશીન અને કૉન્ટેક્ટ લૂછો
મશીનના બહારના ભાગને સહેજ ભીના કપડાથી લૂછો, પછી સૂકવો. મશીન અને કપ પરના ધાતુના કૉન્ટેક્ટને ડિસ્ટિલ્ડ પાણીમાં બોળેલા રૂના પૂમડા (કૉટન સ્વૉબ)થી સાફ કરો.

**05** 
### સૂકવો અને મૂકી રાખો
બધું ઓછામાં ઓછું 12 કલાક હવામાં સુકાવા દો, અથવા ચોખ્ખા ગૉઝથી સૂકવો. કપ પાછી લગાવો. તેને સાફ, સૂકું, અને સીધા તડકાથી દૂર રાખો.

**06** 
### ક્યારેક-ક્યારેક જંતુમુક્ત કરો
સાફ કરેલા કપ અને માસ્કને ઓછામાં ઓછી 5 મિનિટ 70% રબિંગ આલ્કોહોલમાં પલાળી રાખો. પછી એક મિનિટ ડિસ્ટિલ્ડ પાણીથી ખંગાળો, અને માસ્કનાં હવાનાં કાણાંમાંથી પણ પાણી પસાર કરો. પૂરેપૂરું સુકાવા દો.

### કૃપા કરીને આવું ન કરો
- મુખ્ય મશીનને ક્યારેય પાણીમાં કે કોઇ પણ જંતુનાશકમાં ન મૂકો. તેને ફક્ત લૂછો.
- ભાગોને ક્યારેય ન ઉકાળો, માઇક્રોવેવમાં ન સૂકવો, અને ડિશવૉશરમાં ન મૂકો.
- તેને ક્યારેય બેન્ઝીન કે પેઇન્ટ થિનર જેવાં કડક રસાયણોથી સાફ ન કરો.
- ખાલી કપ સાથે તેને ક્યારેય ન ચલાવો.

## જો કંઈ કામ ન કરતું હોય

### તે ચાલુ થતું નથી

## ટેક્નિકલ વિગતો

| | |
|---|---|
| **વજન** | લગભગ 98 ગ્રામ (3.5 ઔંસ) |

- તેને ચાર્જ કરો, પછી ફરી પ્રયત્ન કરો.
- તપાસો કે ચાર્જ કરવાનો કેબલ બરાબર લાગેલો છે.

### તે ચાલુ થાય છે, પણ ધુમ્મસ નીકળતું નથી

- જો લાઇટ પીળી ઝબકે, તો બૅટરી ઓછી છે. તેને ચાર્જ કરો.
- મશીન અને કપ પરના ધાતુના કૉન્ટેક્ટ સાફ કરો, પછી ફરી પ્રયત્ન કરો.
- ખાતરી કરો કે કપ ક્લિક થઈને પોતાની જગ્યાએ બેસી ગયો છે.
- આપમેળે સફાઈનું ચક્ર ચલાવો. જો હજી પણ ધુમ્મસ ન નીકળે, તો કપ બદલવો પડશે. અમને ફોન કરો.

### લીલી લાઇટ 10 સેકન્ડ ધીમે-ધીમે ઝબકે છે, પછી તે બંધ થઈ જાય છે

- દવા નાખો; કદાચ કપ ખાલી છે.
- દવા કે સલાઇન વાપરો, સાદું કે ડિસ્ટિલ્ડ પાણી નહીં.
- ખાતરી કરો કે કપ ક્લિક થઈને પોતાની જગ્યાએ બેસી ગયો છે અને કૉન્ટેક્ટ સાફ છે.
- આગળનો ભાગ તમારી તરફ નમાવો, જેથી પ્રવાહી ધુમ્મસ બનાવતી પ્લેટને અડે.

### સારવાર દરમિયાન તે બંધ થઈ જાય છે

- કદાચ કપ ખાલી છે. દવા નાખો.
- આગળનો ભાગ તમારી તરફ નમાવો, જેથી પ્રવાહી ધુમ્મસ બનાવતી પ્લેટને અડે.
- 20 મિનિટ પછી પણ તે બંધ થઈ જાય છે. ફરી શરૂ કરવા માટે બટન દબાવી રાખો.

### દવા ટપકે છે

- લીટીથી ઉપરની દવા ઢોળી દો, પછી ફરી ચાલુ કરો.
- સારવાર દરમિયાન તેને સ્થિર પકડો.
- જો કપમાં તિરાડ હોય કે તેની સીલ ઘસાઈ ગઈ હોય, તો કપ બદલવો પડશે. અમને ફોન કરો.

| | |
|---|---|
| **માપ** | લગભગ 50 × 51 × 115 મિમી (2 × 2 × 4.5 ઇંચ) |
| **દવાનો કપ** | લગભગ 10 મિલી |
| **ધુમ્મસ બનવાનો દર** | ઓછામાં ઓછું 0.2 મિલી પ્રતિ મિનિટ |
| **કણોનું કદ** | લગભગ 3 માઇક્રોન (MMAD) |
| **અવાજ** | 50 dB કે તેથી ઓછો |
| **બૅટરી** | અંદર લાગેલી 3.7 V, 600 mAh લિથિયમ બૅટરી; 15 મિનિટના ચાર્જથી 2 કલાક સુધી વપરાશ |
| **ચાર્જિંગ** | USB-A થી USB-C કેબલ, 5 V / 1 A |
| **આપમેળે બંધ** | 20 મિનિટ |
| **વાપરવાનું તાપમાન** | 5 °C થી 40 °C (41 °F થી 104 °F) |

પ્રશ્નો

## જાણવા જેવું.

### આપમેળે સફાઈનું સેટિંગ કેવી રીતે વાપરવું?

કપમાં ચોખ્ખું પાણી નાખો (બાળકો માટેના મોડલમાં લગભગ 6 મિલી) અને ઢાંકણ બંધ કરો. લાઇટ ચાલુ થઈને રંગ બદલવા લાગે ત્યાં સુધી, પાવર બટનને લગભગ 5 સેકન્ડ દબાવી રાખો. પછી નેબ્યુલાઇઝર થોડી-થોડી વાર માટે ચાલે છે. તે વારંવાર જાતે ચાલુ-બંધ થાય છે, જેથી ધુમ્મસ બનાવતી પ્લેટ પર બાકી રહેલી દવા હલીને છૂટી પડે. તેને રોકવા માટે બટન ફરી દબાવો; મોટા લોકો માટેનું મોડલ લગભગ 5 મિનિટ પછી જાતે પણ અટકી જાય છે. આ ધુમ્મસ શ્વાસમાં ન લો, અને સફાઈ પૂરી થાય ત્યારે પાણી ઢોળી દો.

### મારી પાસે કયું મોડલ છે?

બાળકો માટેનું મોડલ વાદળી, લીલું, નારંગી કે સફેદ હોય છે, અને તેના પર કાર્ટૂન ચહેરો હોય છે. તેની નારંગી ચાંચ જ બટન છે. મોટા લોકો માટેનું મોડલ નારંગી હોય છે, અને તેનું પાવર બટન ગોળ અને સફેદ હોય છે.

### સૌથી પહેલાં સલામતી

- ફક્ત એ જ દવા અને માત્રા વાપરો, જે તમારા ડૉક્ટરે લખી આપી છે. ડૉક્ટરને પૂછ્યા વગર માત્રા ન બદલો, અને તેને કેટલી વાર વાપરવી તે પણ ન બદલો.
- આખી સારવાર દરમિયાન બાળકોની સાથે રહો. નેબ્યુલાઇઝર વપરાતું ન હોય ત્યારે, નાના ભાગો અને વાયર બાળકોથી દૂર રાખો.
- દરેક વ્યક્તિ પાસે પોતાનું માસ્ક કે માઉથપીસ હોવું જોઈએ. તે કોઈ બીજા સાથે ન વહેંચો.
- દરેક સારવાર પછી કપમાં બાકી રહેલી દવા ઢોળી દો. તેને આવતી વખત માટે સાચવી ન રાખો.
- જો સારવાર પછી શ્વાસમાં સુધારો ન થાય, અથવા શ્વાસ વધુ બગડે, તો તમારા ડૉક્ટરને ફોન કરો. ઇમર્જન્સીમાં 911 પર ફોન કરો.
- તેને જ્વલનશીલ ગૅસ કે એનેસ્થેસિયા (બેભાન કરવાના) ગૅસની નજીક ન વાપરો.

- તે લાઇફ સપોર્ટ (જીવન ટકાવી રાખતા મશીન) તરીકે વાપરવા માટે નથી. જે વ્યક્તિ બેભાન હોય, કે જાતે શ્વાસ લેતી ન હોય, તેના માટે પણ નથી.

### કયું માસ્ક વાપરવું?

નાનું માસ્ક બાળકો માટે છે અને મોટું માસ્ક મોટા લોકો માટે. માસ્કે નાક અને મોં બંનેને ઢાંકવાં જોઇએ. જે મોટા લોકોને મોં વડે શ્વાસ લેવાનું ગમે, તેઓ માસ્કને બદલે માઉથપીસ વાપરી શકે છે.

### શું સારવાર માટે તેમાં સાદું પાણી નાખી શકાય?

ના. ફક્ત તમારા ડૉક્ટરે લખી આપેલી દવા કે સલાઇન જ વાપરો. કપમાં સાદું કે ડિસ્ટિલ્ડ પાણી હોય, તો મોટા લોકો માટેનું મોડલ આપમેળે બંધ થઇ જાય છે. ચોખ્ખું પાણી ફક્ત સફાઈના ચક્ર માટે છે, અને તે ધુમ્મસ શ્વાસમાં ન લેવું જોઇએ.

### તે જાતે બંધ કેમ થઈ ગયું?

બંને મોડલ 20 મિનિટ પછી અટકી જાય છે. કપ ખાલી થાય ત્યારે પણ તે અટકી જાય છે. મોટા લોકો માટેના મોડલમાં, ઝબકતી પીળી લાઇટનો અર્થ છે કે બૅટરી ઓછી છે. ધીમે-ધીમે ઝબકતી લીલી લાઇટનો અર્થ છે કે પ્રવાહી ધુમ્મસ બનાવતી પ્લેટ સુધી પહોંચતું નથી.

### શું કપમાં થોડી દવા બાકી રહે તે સામાન્ય છે?

હા. થોડી દવા કાયમ બાકી રહે છે. દરેક સારવાર પછી તેને ઢોળી દો, અને તેને સાચવી ન રાખો.

### શું ચાર્જ થતું હોય ત્યારે તેને વાપરી શકાય?

ના. પહેલાં તેને ચાર્જ કરો, પછી સારવાર આપો. મોટા લોકો માટેનું મોડલ ચાર્જ કરવા માટે પ્લગમાં લાગેલું હોય ત્યારે ચાલતું નથી.

### ભાગો ક્યારે બદલવા જોઈએ?

જો માસ્કમાં તિરાડ પડે, તે કડક થઈ જાય, કે ચહેરા પર બરાબર ચપોચપ ન બેસે, તો તેને બદલો. જો સફાઇ પછી પણ કપમાંથી ધુમ્મસ ન નીકળે, તો કપ બદલો. નવાં માસ્ક અને માઉથપીસ માટે અમને ફોન કરો.

તમારા નેબ્યુલાઇઝર વિશે

## પોર્ટેબલ અલ્ટ્રાસોનિક નેબ્યુલાઇઝર

### સાથે લઈ જવામાં સહેલું અને હલકું

તે એટલું નાનું છે કે બૅગ કે ખિસ્સામાં સમાઇ જાય છે. તેથી સારવાર દરેક સમયે તમારી પહોંચમાં રહે છે.

### ત્રણ સ્પીડ

આ સુવિધા થોડાં જ પોર્ટેબલ નેબ્યુલાઇઝરમાં મળે છે. ત્રણ સ્પીડથી સારવારને દર્દી અને દવા પ્રમાણે ગોઠવી શકાય છે.

### આપમેળે સફાઈ

તેમાં સફાઈનું સેટિંગ પહેલેથી જ છે. તે વાપર્યા પછી મશીનને સાફ કરી દે છે, જેથી નેબ્યુલાઇઝર આગલી સારવાર માટે તૈયાર રહે.

### ખૂબ જ શાંત

તેનો અવાજ એટલો ઓછો છે કે તમે તેને શાળામાં, કામ પર, કે સૂતેલા બાળકની બાજુમાં પણ વાપરી શકો છો.

### લાંબું ચાલતી લિથિયમ બૅટરી

15 મિનિટના ચાર્જથી બે કલાક સુધી સતત વાપરી શકાય છે, લગભગ ફોનને થોડો ચાર્જ કરવા જેવું.

### એક જ બટનથી ચાલે છે

બાળકો અને મોટા, બંને માટે ચલાવવું સહેલું છે. દેશભરનાં ક્લિનિક પહેલેથી જ તેના પર ભરોસો કરે છે.

બનાવનાર: US Brace & Limb Co. (USBL).

અમે મદદ માટે હાજર છીએ

## હજી પણ કોઈ પ્રશ્ન છે? અમને ફોન કરો.

અમારો સમય: સોમવારથી શુક્રવાર, સવારે 9 થી સાંજે 5 વાગ્યા સુધી (ન્યૂયૉર્કનો સમય). બદલવા માટેના ભાગો પણ મળે છે: બે માપનાં માસ્ક, માઉથપીસ, નળીઓ, અને અમે આપેલાં નેબ્યુલાઇઝર માટેનાં ફિલ્ટર. અમને ફોન કરીને તમારું નામ અને જોઈતી વસ્તુ જણાવો. તમારો વીમો તેને આવરી લે છે કે નહીં તે અમે તપાસીશું, અને વસ્તુ તમને મોકલી આપીશું.

અમારા સમય પછી, દવા વિશેના પ્રશ્નો માટે તમારા ડૉક્ટર કે ફાર્માસિસ્ટને ફોન કરો. શ્વાસ લેવામાં તકલીફ હોય, તો 911 પર ફોન કરો.

આ માર્ગદર્શિકા ઑનલાઇન: wellness-supplies.com/how-to-use/ultrasonic/gu